સુધારા તથા વધારા સાથે.

કિર્તન ચંદ્રોદય.

રચી પ્રસીદ્ધ કરનાર.

જોશી જયરામ રવજી ભાગલીઆ.

કચ્છ-માંડવીવાળા.

ઠે૦ બહારકોટ કાંદાવાડીના નાકે શેઠ ધરમસી ભવાનજીના માળામાં પેહેલે દાદરે-મુંબઈ.

સંવત ૧૯૬૯ શને ૧૯૧૩ ફેબ્રુવારી

આવૃતી ત્રીજી પ્રત ૧૦૦૦

કિંમત એક આનો.

ધર્મ વિજય પ્રેમ પાયધુની નં૦ ૫૭૨ મુંબઇમા
હરજીવન ભગવાને છાપ્યું.

સુધારા તથા વધારા સાથે.

કિર્તન ચંદ્રોદય.

રચી પ્રસીદ્ધ કરનાર.

જોશી જયરામ રવજી ભાગલીઆ.

કચ્છ—માંડવીવાળા.

ઠે૦ બહારકોટ કાંદાવાડીના નાકે શેઠ ધરમસી ભવાનજીના માળામાં પેહેલે દાદરે—મુંબઈ.

સંવત ૧૯૬૯ શને ૧૯૧૩ ફેબ્રુવારી

આવૃતી ત્રીજી પ્રત ૧૦૦૦

કિંમત એક આનો.

ધર્મ વિજય પ્રેસ પાયધુની નં૦ ૫૭૨ મુંબઈમા

હરજીવન ભગવાને છાપ્યું.

પ્રસ્તાવના.

શ્રી લક્ષ્મિનારાયણના દેવાલય પ્રત્યે માધવબાગમા દર્શને આવનારા સર્વ સદ્‌ગૃહસ્થોના જાણવામા છે કે અમો પાંજરાપોળના નાકા પાસે પ્રભુ ચર્ણે પ્રેમ લગાડનારા કિર્તનો ગાઇએ છીએ. કે જે સાંભળવાથી કોઇ પણ એ માર્ગમા પ્રવર્તનારા જીવને પ્રભુચર્ણે પ્રિતી લાગી તેઓ સ્મર્ણ કરતા જોવામા આવે છે. કેટલાક ભક્તજનોએ આ કીર્તનો છપાવવા જીજ્ઞાસા જણાવેલી હોવાથી મેં તે કીર્તનોને આ પુસ્તક દ્વારા છપાવી પ્રસિદ્ધ કર્યાં છે, અમારા આ કામને યોગ્ય મદદ મળેથી અમો બીજા પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરીશું.

લી૦ હું છું,

આપનો શુભેચ્છક,

જોશી જયરામ રવજી ભાગલીયા.

ગ્રંથકર્તા.



અર્પણ પત્રીકા.

શ્રીલક્ષ્મિનારાયણના ચરણમાં.

લી૦ જે૦ ૨૦ ભાગલીઆ.

કીર્તન સંદ્રોદય.

પ્રકરણ ૧ લું.

દોહરા.

આ સંસાર સમુદ્રમાં નાવ પ્રભુનું નામ,
પાર ઉતરવા ચાહો તો રટો પ્રભુનું નામ.

ગજાનન સ્તુતિ.

સાર્દુલ વિક્રિડીત.

શ્રી ગણનાથ કૃપાલ આદ્ય સ્મરિને માગું સદા સન્મતિ,
આપોનો વળિ કાર્ય થાય સઘળું માટે કરૂં વિનતી.
સેવકને થઇ સ્હાય બાંહ્ય ધરજે તો કાર્ય સિદ્ધિ થશે,
માટે સદ્ય તમામ આળસ તજી રૂદયે તુ મારે વસે.

સારદા સ્તુતિ.

(છપ્પો.)

માત સરસ્વતી તણું પ્રથમ હું ધ્યાન ધરીને,
નમન કરી સતવાર રહ્યો છુ સ્મર્ણ કરીને,
આ સંસાર સમુદ્ર પાર વેગેથી પામું,
કૃપા આપની થતાં વેદના સર્વે વામું,

વળી વિવિધ પ્રકાર થકી ઘણાં ગુણ પ્રભુના વર્ણન કરૂં,
જયરામ કહે નિશ્ચય કરી આનંદે ઉરમા ઠરૂં

કૃપા આપની થતાં વિશ્વમાં સર્વ વખાણે,
જન મૂરખ જે હતાં પંડિતો થયા પરાણે,
પામે માન અપાર સભામાં જે જન પૂરા,
હે જનુંની તુજ કૃપા વિના નર રહ્યા અધુરા,
વળી કિર્તિવંત કવીયો થયા ચતુરપણું જે ચહાય છે,
બુદ્ધિ બળને યોગ્યતા વશ વર્તિ ગુણ ગાય છે.

લક્ષ્મિનારાયણની સ્તુતિ.

કિર્તન ૧ લું.

(બનજારો.)

જય લક્ષ્મિકાંત સુખકારી દીનાનાથ શ્રી ગિરિવરધારી,
શુભ સ્તુતી કરીયે તમારી, મહીમાં અનંત અતીભારી,
જગતના નાથ પ્રભુ સાક્ષાત, અકળગત ન્યારી. ટેક૦ ।।

સુંદર સ્વરૂપ અવીનાશિ, કરૂણા નીધાન સુખરાસી.
વિશ્વ પ્રતિપાળ નંદના લાલ, ભજુ ભયહારી, ।। દીનાનાથ ।।

સુરીનર મુનીવર ગુણગાએ પ્રભુદર્શન થકી સુખ થાયે,
નીરંજન દેવ કરૂં નીત્ય સેવ, પામું ફલચારી, ।। દીનાનાથ ।।

શૃંગાર રહ્યાં શું શોભી, જાય ભક્તોના મન લોભી,
ભક્તને કાજ આપે માહારાજ કિર્તિ વિસ્તારો ।। દીનાનાથ ।।

અવતાર ગયો સહુ વિતી, હરીચરણે થઈ નવ પ્રીતી,
ઘડીપળ એક આંણી વિવેક, માયા નવ ટાળી. ॥ દીનાનાથ ॥
જયરામ કહે એ રીતે મનશાંત ધરી એક ચિત્તે,
ભજન જો થાય રીઝે જગરાય શ્રી કુંજબીહારી,
દીનાનાથ શ્રી ગીરીવરધારી, જય લક્ષ્મિકાંત સુખકારી.

હિતોપદેશ.

કિર્તન ૨ જું.

(રામ સ્મરાવા રામ) એ રાહ.

પ્રભુને ભજીલે અજાણ, અકલમંદ પ્રભુને ભજીલે અજાંણ,
દેખી તુ આ સંસાર મીથ્યા છે, વદતાં વેદપુરાણ. ॥ અકલ ॥
મુખ શોભે પ્રભુનામ લીધાથી, નેત્ર દર્શનથી પ્રમાણ. ॥ અકલ ॥
હસ્ત શોભે હરી સેવા કરેથી, કૃષ્ણ કથા એથી કાન. ॥ અકલ ॥
ચર્ણ શોભે તિર્થયાત્રા થકિ, અથવા તો જતાં પ્રભુસ્થાન.
॥ અકલ ॥
વિષ્ણુપદે શિર ભુષણ નમતાંતો, વપુ ભાગેરથી સ્નાન.
॥ અકલ ॥
જયરામ કહે શુદ્ધ અંત કરણથી, સહુ ગાવો હરી ગુણગાન.
॥ અકલ ॥

હિતોપદેશ.

કિર્તન ૩ જું.

(કંથ બીન રહી અકેલી મોરી જાન).એ.રાહ.

હરીરસનું કર પાન, અલ્યાનર હરીરસનું કર પાન;
એ રસ પિતાં જોને ત્રપ્તી નપામ્યા, પરીક્ષિત જેવા રાજાન.
॥ અલ્યા ॥

નામ સ્મરણના પ્રતાપે કરીને, પાપ સહુ ટળી જાય;
પાપી અજામીલ જેવાની મુક્તિ, પળમાં થએલી જણાય.
॥ અલ્યા ॥

પંખી કપોતે દુઃખ સમયમાં, સમર્યા શ્રીભગવાન;
વિખધરનું વાલે રૂપ ધરીને, હર્યા પારાધીના પ્રાણ. ॥ અલ્યા ॥

પુરણ પુરૂષોત્તમ શ્રીહરીના શું કરીએજ વખાણ;
દશરથના સુત રામ પ્રતાપે, સિંધુ તર્યા પાપાણ. ॥ અલ્યા ॥

નારદ આદી દેવ રૂશી પણ કરતા રહે ગુણગાન;
શેપ સરોખા પાર ન પામ્યા, રચી માયા બળવાન. ॥ અલ્યા ॥

અગાધ ગુણને અનંત માયા, સ્વપ્ને ન આવે ધ્યાન;
જયરામ કહે હરી ભજ હઠીલા, એજ ખરૂં શુભજ્ઞાન
અલ્યા નર હરી રસનું કર પાન.

પ્રભુ મહિમા.

કિર્તન ૪ થું.

(ધનાશ્રી.)

વાલા છે ભક્ત અપાર, ઓધવ મુને વાલા છે ભક્ત અપાર;
નથી વાલી એવિ વસ્તુ, જગતમાં રૂક્ષ્મણીઆદી નાર. ॥ ઓધવ.
સ્મર્ણ કરતાંમાંહી સત્વર આવું, ભક્ત સંભારે જે વાર;
ગરૂડ આદી જે વાહાન મારા, તજું હું તેને ઠાર ॥ ઓધવ.
પામ્યો પરાજય પ્રાક્રૂમ કરતાં, ઝુડ થકી ગજસાર;
સ્તુતિની સાથે તુર્ત સધાવી, પૂર્ણ કીધો ઉપકાર. ॥ ઓધવ.
દુષ્ટ દુરીયોધને દ્રાપદિ દુભ્યાં લાવી સભાની મોઝાર;
ચીર પુર્યાં ત્યાં નવસે નવાણું, થઇ રહ્યો હાહાકાર. ॥ ઓધવ.
ભકતોને કાજે આ ભુમિ તળમાં, જન્મ લીધા બહુવાર.
દુરકૃતીઓનો નાશજ કરીને, હરૂં ભુમિના ભાર. ॥ ઓધવ.
આ કળીયુગમાં ધર્મ અરથને, મોક્ષ ઇચ્છે કોઈ સાર,
જયરામ કહે હરીનામ પ્રતાપે. પામે પદારથ ચાર. ॥ ઓધવ.

મનોપદેશ.

કિર્તન ૫ મું.

(રાગ એજ.)

સાચા શ્રી સરજન હાર ભજીલે મન સાચા શ્રીસરજન હાર;
અખંડ જોતિ સ્વરૂપ શ્રીહરીનું વિશ્વતણાં આધાર. ॥ ટેક.

સંસાર રૂપિ તરૂવર ઉપર મળ્યા પંખીડા હુજાર;
રાત્રિ વિશે સહુ ભેળાં થયાં પણ પ્રભાતે રહે નહિ ચાર.
॥ ભજિલે

સ્વપ્ન સરીખા આ સુખમાં, શું મોહી રહ્યો તું ગમાર;
જાગી જોતાં જેમ જરિએન દીસે, માયા તણો વિસ્તાર.॥ ॥ ભજીલે.

નીરમાણ જે પ્રભુએ કરી રાખ્યું, મિથ્યા નથાએ લગાર,
તેમાં ચતુરાઈ ચાલે ન તારી, વૃથા ઉપાડે ભાર ॥ ભજીલે.

સજજ તું થા સ્નેહ પસને તોડી, તત્વનું કરીલે વિચાર;
જયરામ કહે હરી શરણે ગયા વિણ, કોણ ઉતારે પાર. ॥ ભજીલે.

સત્ય વિષે.

કિર્તન ૬ ઠું.

(રાગ એજ)

સત્ય તણે આધાર જગત સહુ સત્ય તણે આધાર,
સર્વસ્ય જાતાં સત્ય ન મુકયું રાજા બળીયે લગાર,
રાજ્ય પાતાળનું આપ્યું પ્રભુએ પોતે થયા છડીદાર. ॥ જગત

રાજા નળને રાણી દમયંતી વીચરીયા વન મોઝાર,
કષ્ટ વેઠયાં પણ એ દમ્પતીયો ચુકયા ન સત્ય વિચાર. ॥ જગત.

રામ પીતા રાય દશરથજીએ આપ્યું વચન નિરધાર,
પુત્ર વિયોગે પ્રાણને તજતાં ક્ષણું ન લગાડી વાર. ॥ જગત.

અશ્વ મેધાદીક સીબિ રાજાએ, યજ્ઞો કીધા વિસ્તાર,
શરણાંગતનું રક્ષણ કરવા પક્ષી તોળ્યા દેહભાર. ॥ જગત.
ભિષ્મપીતામહ બાણ સજ્યાપર પોઢયા છે જેણીવાર,
યાચકરૂપે પ્રભુ આવ્યા તેણે સુવર્ણ સોંપ્યું સવાભાર. ॥ જગત.
સમુદ્ર પણ મરજાદ તજીને, જતાં નથી હદબાર,
જયરામ કહે શ્રીકૃષ્ણ ચરણમાં પ્રેમથી રાખું પ્યાર. ॥ જગત.

ભક્તિ પ્રભાવ.

કિર્તન ૭ મું.

(રાગ એજ.)

ભક્તિ થકી વસ થાય દયાનિધે ભક્તિ થકી વસ થાએ,
ભવ ભંજનની ભક્તિ કર્યાથી જન્મ મરણ ભય જાય. ॥ દયા.
વિદ્યા નિધિ મોટા મુની છોડી, પશુ ગજ માટે ધાય,
દુર્યોધન ભોજન તજી રૂચીથી શાક વીદુર ઘર પાય. ॥ દયા
જેના મુખ પ્રસાદ કણ સારૂ બ્રહ્માદીક લલચાય,
શુદ્ર સ્ત્રી ભીલ્લીના બોરો લેતાં તે ન લજ્જાય, ॥ દયા.
જેપર છત્ર ધરે પ્રેમેથી અમર છત્રપતી રાય,
તે ગીરી છત્ર ધરી સ્થીર કરમાં ભજે ગોપને ગાય. ॥ દયા.
શિવ બ્રહ્માદીક શેષ સારદા, નારદાદી ગુણ ગાય,
રામદાસ નરસીંહ મહેતાને તુર્ત થયા પ્રભુ સહાય. ॥ દયા.

તુકારામને મીરાંબાઇ તે, ભક્ત થયાં કળીમાંય,
ગુણ ગાતાં જયરામ તમારા ચર્ણકમળ ચીત ચહાય. ॥ દયા.

વિયોગી ગોપી. ૮

ભૈરવી.

ચરણ કમલ ગીરી ધારીરે. તવ ચરણ કમલ ગીરી ધારી,
મન મોહ્યું રે તવ ચરણ કમલ ગીરીધારી. ટેક૦

સાખી.

પલ પલ વીતે યુગસમી, ઘડી ઘડી ગોથા ખાય;
કૃષ્ણ ચંદ્ર વિણ વ્યર્થ આ, રજની વીતી જાય. તવચરણ૦
યાવન બાગ વીષે રહ્યા ખીલો પુષ્પ અનંત;
ભ્રમર ગયો વનમાં વહી, શું કરવું ભગવંત. તવચરણ૦
બાદલ ચમકે વિજળી, ઝુર ઝુર વરસે મેહ;
અનલ દહે આ શરીરને વીના કાષ્ટ વણ ચેહ. તવચરણ૦
અબલા જાતી રંકની પાડી રહી પૂકાર;
વાર કરો નહિ વિઠલા તો તજસે સંસાર. તવચરણ૦
આ દાસી આધીન છે સુંદરવર શુભ શ્યામ,
જયરામ કહે કીરપા કરી પુર્ણ કરો મન કામ. તવચરણ૦

રાગ ઉપર પ્રમાણે. ૯

ભમરા તું પડયો સીદ કેડે અમો વિરહિણીઓને કેમ છેડેરે. ટેક૦
આવન જાવન દેખીજ તારૂં વિપરિત મદન નડે રે. ભમરા૦

રસ રહિત સૌ પુષ્પ બનાવી આનંદમાં તું ફરે રે. ભમરા૦
જાચી જુઇ ગુલપાસ ગુલાબી મોગરો પણ તું ચરે રે. ભમરા૦
ફરક્યો છતાં બહુ સ્નેહ વિનાનો એક સ્થળે ના ઠરે રે. ભમરા૦
જયરામના પ્રભુ કૃષ્ણ કનૈયા જીવ થકી છે પરે રે. ભમરા૦

મુરલીધર પ્રસંસા. ૧૦

બીહાને આયે રામ જનકપુર દશરથજી કે લાલારે.
જુવો સખી કેવા સ્યામ સુંદર મુખ વેણુ મધુર વગાડે છેરે. ટેક૦
વેણું મધુર વગાડી સ્યામ જનુ વૈરી મનોજ જગાડે છેરે. જુવો૦
વત્સ સહિત ગૌ સર્વ મળી નીજનાથ સ્વરૂપ નીહાળે છેરે. જુવો૦
ઝીણા ઝીણા સ્વર ઝળકી રહ્યા છે મોહન મોહ પમાડે છેરે. જુવો૦
અંતર જામી અંતઃકરણ ને વિજયિ વનોદ ચખાડે છેરે. જુવો૦
જયરામ કહે એવા પૂર્ણ કૃપાલુ વનિતા વૃજનીજ રમાડે છેરે. જુવો૦

રૂક્મણિજીનો કાગળ.

કિર્તન ૧૧ મું.

(રાગ પુનમ ચાંદની.)

સ્વસ્તી શ્રી પુરી દ્વારામતી નગર સોહામણું રે,
અંતરજામી પ્રભુનો જેમાં છે દરબાર,
મારા પ્યારા નાથ હરી શ્રીકૃષ્ણ પધારજોરે.

સાખી.

લોખીતંગ ચરણ કમલ તણી દાસીની પણ દાસ,
રૂક્મણી નામે કીંકરી પત્ર લખે છે ખાસ;
મેં તો તન મન ધનથી દેહ સમરપ્યું આપનેરે,
અંતરજામી જાણોછો સહુ મનનો ભેદ. મારા પ્યારા૦
ચંદેરી નગરી તણો રાજા જે શીશૂપાલ,
મુજને પરણવા કારણે આવશે દીનદયાળ;
એ શીશૂપાળ કદી મુજને પ્રભુ પરણી જશેરે,
સત્વર બળાત્કારે તજવાં મારે પ્રાણ. મારા પ્યારા૦
સિંહ તણા શીકારની આશા કરે શિયાળ,
મૂરખ નર પદ્મની તણો શું જાણે હેવાલ;
કદાપી વરીશ નહીં હું એ નૃપતી શીશૂપાળનેરે,
ભલે જો પૂર્વ છોડીને પશ્ચીમ ઉગે ભાણ. મારા પ્યારા૦
ગોરીના પુજન તણી છે અમ કુળમાં ચાલ,
તે મંદીરમાં આપને મળીશ હું તત્કાળ;
વેગે મારૂં ત્યાંથી હરણ કરી લીધાવજોરે,
થોડે લખે ઘણું કરી માંનોને મહારાજ. મારા પ્યારા૦
સદેશો આપી કરી બ્રહ્મણ ત્યાંથી જાય,
સ્નેહાધીન થયા પ્રભુ તુર્ત જગતના રાય;
ગાંધ્રવ વિવાહ કરી પ્રભુ રૂક્મણીજીને લાવીયારે,
જયરામે વર્ણન કર્યું પૂર્ણ ઇતિહાસ,
મારા પ્યારા નાથ હરી શ્રીકૃષ્ણ પધારજોરે.

પ્રલ્હાદની સ્તુતિ.

કિર્તન ૧૨ મું.

(રાગ એજ.)

વિષ્ણુભક્ત ખરાં પ્રલ્હાદજીને વખાણીયેરે;
જેની કથા શ્રવણ કરતાં પાતક સહુ જાય,
દીનાનાથ નીરંજન દયા કરી ઉગારજોરે.
હીર્ણ્યકસ્યપુ કહે અલ્યા પ્રલ્હાદ શુણ મુજ વાત,
મુજ સમાન આ અવનીમાં નથી બળીયો પ્રખ્યાત,
ઇશ્વર સમાન સમજી મુજને કાં ભજતો નથીરે;
થયો કેમ અલ્પ બુદ્ધિ તું મંદમતી નાદાન. દીનાનાથ.
પ્રલ્હાદ કહે, પીતા સુણો પ્રભુને લાગુ પાય;
પાળક વિશ્વતણાં હરી એજ જગતના રાય,
માટે અસુર ભાવના છોડી ભજો શ્રીરામનેરે;
એ છે સકળ શ્રષ્ટીના વ્યાપક સરજન હાર. દીનાનાથ.
વચન સુણી પ્રલ્હાદના કોપ્યા ત્યાં મહીપાળ;
અરે મુર્ખ નહીં માન તો આણીશ તારો કાળ,
કયાં છે બતાવ તારો ઈશ્વર મુજને આ સમેરે;
નહી તો ખડગ વતી શીર છેદીશ હું આ વાર. દીનાનથ.
ભયથી વ્યાકુલ થઈ કરી પ્રલ્હાદ ત્યાં તત્કાળ;
દીલગીર થઇ મનમાં અતી સમર્યા શ્રીગોપાળ,
પ્રભુ આ અસુર પીતાને દયા નથી કંઇ આવતીરે;
ખરેખર દુષ્ટ દૈત્ય આ લેશે મારા પ્રાણ. દીનાનાથ.

સુણી પુકાર પ્રલ્હાદની વારે ચઢયા જગદીશ;
સ્થંભ ફાડી પ્રભુ પ્રગટીયા પાડી ભયકંર ચીસ,
જોઇ નૃસિંગ રૂપને દૈત્યો સૌ નાશી ગયારે;
હીર્ણકસ્યપુને મન થયો અતી ઉચ્ચાટ. દીનાનાથ.
મુક્તિ કરી ત્યાં દૈત્યની સર્યાં ભક્તના કાજ;
પુષ્પ તણી વૃષ્ટી થઈ જય નૃસિંહ માહારાજ,
એવી લીલા પ્રભુની જે ગાશે નરનારીયોરે,
કહે જયરામ તેના સહુ પુર્ણ મનોરથ થાય. દીનાનાથ.

રામ જન્મ મહોત્સવ.

કિર્તન ૧૩ મું.

(રાગ એજ.)

કથા કહુ રામ જન્મની શુણો સહુ જન પ્રિતથીરે.
રઘુવંશી માહારાજા દશરથના કુળમાંય,
પ્રગટયા રામચંદ્રજી અંશકળા અવતારથીરે,
શુકલ પક્ષ નવમી તીથી ચૈત્ર માસ પરમાંણ,
કોશલ્યાના ઉદરથી પ્રગટયા શ્રી ભગવાન,
અજોધ્યા પુરી તણી સૌ પ્રજા પ્રભુ ગુણ ગાય છેરે.
બધીજન ગાંધ્રવ ગુણ ભુપ તણાં સહુ ગાય. પ્રગટયા.
માહારાજા દશરથજીએ દીધાં વિપ્રને દાન,
રથ પાલખીઓ ગજતુરી અમૂલ્ય વસ્ત્ર પરીધાન,
વિપ્રો વેદમંત્રથી આશીશ વચન ઉચારતાંરે;
ગયા છે પોત પોતાને સ્થાનક રૂડીપેર. પ્રગટયા.

અક્ષત અબીલ ગુલાલની ધુમ મચી ચોપાસ;
જાણું અસ્ત રવી થયો સ્થંભી રહ્યો આકાશ,
તેત્રીસ કોટી દેવતાં દર્શન કરવા આવીયારે,
કિંન્નરનાગ અપ્સરા સહીત સહુ પરીવાર. પ્રગટ્યા.
રત્ન જડીત્ર સિંઘાસને બેઠાં છે મહિપાળ;
સુંદરતા શી વર્ણવું કિર્તિ જેની વિશાળ,
કૌસલ્યાજી ઝુલાવે લાડ થકી શ્રી રામનેરે;
જેના પુન્ય તણો તો રહ્યો નથી કંઇ પાર. પ્રગટ્યા.
નારદ આદી દેવતા શિવ સનકાદીક સાર;
રામ રૂપ સહુ દેખીને પામ્યા હરખ અપાર,
વિવિધ પ્રકાર તણાં વાજીંત્રો જ્યાં વાગી રહ્યાંરે;
જય જય કાર થયો છે નૃપ દશરથને ઘેર. પ્રગટ્યા.
રામ જન્મ મહોત્સવ તણો મહીમાં જે કોઈ ગાય;
રામ પ્રતાપે તેહને સંતતીનુ સુખ થાય,
એ ઈતીહાસ પ્રભુ પ્રતાપે સહુ પુરણ થયુ રે;
જોશી રવજીના સુત કહી રહ્યા જયરામ.
પ્રગટ્યા રામચંદ્રજી અંશકળા અવતારથીરે.

જીવને ઉપદેશ.

કિર્તન ૧૪ મું.

(મહાદેવ કહે સુન પારવતી) એ રાગ.

રામ કૃષ્ણ ભજ મન તું નીરંતર અંતર ભાવ ધરી હરીનેરે. ટેક.
અંતર ભાવ ધરી હરીને સુખશાંતી થશે તુજને ફરીને રામ.

નામ રૂપી નૌકામાં બેસી અગાધ સીંધુ જા તરીનેરે. રામ.
વચન માની સદગુરૂના સાચા ચાલ અસત્ય થકી ડરીનેરે. રામ.
કુડકપટ છળ ભેદ ત્યાગીને સ્થીર થજે પ્રભુને સ્મરીનેરે. રામ.
વિષય સૂખોનો અનુભવ કરતાં ત્રપ્તી થતાં ન બેઠા ઠરીનેરે. રામ.
જયરામ કહે જગજીવનના જશ ગાય તું લાજ રખે ધરીનેરે.
રામ કૃષ્ણ ભજ મન તું નીરંતર અંતર ભાવ ધરી હરીનેરે.

ઇશ્વર સ્તુતિ.

કિર્તન ૧૫ મું.

(થયા છોરે. એ રાગ)

પ્રભુછોરે મુજ મન ગમતાં હરી સ્મરણ કરૂં આજે;
દીન દયાળુ તું છે માયાળુ જગ્ત તણો પ્રતીપાળ,
તુજ પ્રીતે, શુભ રીતે, ધરી ચીતે, પરતીતે,
કરૂણા કરી કેશવ આ ભવ ભયથી મુક્ત કરો આજે.
પ્રભુછોરે.

ધ્યાન સદા તુજ ચર્ણ કમળનું આપો શ્રી જુગદીશ;
અનુરાગે, વણ માગે, મન લાગે, ભય ત્યાગે,
એવી ભક્તિ નિરંતર આપતણી દઈ પાપ કરો પ્રાજે.
પ્રભુછોરે.

શિવ બ્રહ્માદીક શેષ શારદા નીશીદીન ગુણ તુજ ગાય;
પ્રીય કારી, સુવીચારી, મતી ધારી, ભય હારી,
તુજ ચરણ કમળમાં નવીન પ્રેમની વેલ વધો આજે.
પ્રભુછોરે.

અલ્પ મતીથી સ્તુતી વદું છું નીજ મતી અનુસાર;
દુઃખ કાપી, સુખ આપી, સુપ્રતાપી, સર્વ વ્યાપી,
જયરામ જાણી નિજ દાસ હૃદયમાં વાસ સદા કરજે.
પ્રભુછોરે.

કૃષ્ણ ઉપર ગોપીઓનો પ્રેમ.

કિર્તન ૧૯ મું.

(રાગ હીંચનો)

ઘડીએક કૃષ્ણકાન મેલો જશોદા માત ઘડીએક કૃષ્ણકાન મેલો.
અમો મેલી જાશુ જ ઘર વહેલા, જશોદામાત.

શ્યામ સુંદર મુખ મધુરજ લાગે,
નાથ બોલતો દિસે છે જાણે ઘેલો. જશોદામાત.

પ્યારથી બોલાવતાં એ પાશે આવે છે,
પ્રભુ ચાલે છે જાણે જળ રેલો. જશોદામાત.

દુધને માટે તો અમે ગાય ચાર રાખી,
માત જઈને જુઓને ભલે ડેલો. જશોદામાત.

રોશે કદાપી કૃષ્ણ તમારેજ માટે,
ભર્યો છે રમકડાંનો થેલો. જશોદામાત.

એમ કરતાં જો મારો વહાલો નવ રેશે,
દુધ પીવરાવીશું પેહેલો. જશોદામાત.

પ્રેમનો સંબંધ કૃષ્ણ ગોપી તણો સૌ,
દાસ જયરામ વર્ણવી રહેલો.
જશોદામાત ઘડીએક કૃષ્ણકાન મેલો.

કૃષ્ણ શૃંગાર વિષે.

કિર્તન ૧૭ મું.

(રાગ એજ.)

ગોકુળમાં ગાયો ચરાવે;
વાલો મારો ગોકુળમાં ગાયો ચરાવે,
મુખ મોરલી એવી તો સુંદર વગાડે;
ધેનું વત્સ સહીત દોડી આવે. વાલોમારો.
કૌસ્તુભ મણીની માળ કંઠમાં બીરાજે;
જેનું તેજ ત્રણ લોકને દીપાવે. વાલોમારો.
મસ્તકે મુગટ મોર પીંછીના ધર્યા છે;
એનું વર્ણન કરેથી પાર નાવે. વાલોમારો.
કાનમાં જડીત્ર વાલે કુંડલો દીપાવ્યા;
દેખી રૂપકામ કોટીને લજાવે. વાલોમારો.
શોભીના કરોમાં વાલે જોષ્ટીકા ધરી છે;
કાળી કામળી ઓઢી છે મારે માવે. વાલોમારો.
ગાયો ચરાવી ઘર પ્રભુજી પધારે,
માત જશોદાજી મોતીડે વધાવે. વાલોમારો.

અલ્પમતી દાસ દીન રંક હું તમારો;
એવો જયરામ હરી જશ ગાવે,
વાલો મારો ગોકુળમાં ગાયો ચરાવે.

કૃષ્ણ બાલ ચરિત્ર.

કિર્તન ૧૮ મું.

(રાગ એજ.)

માતા જશોદાજી દામણાં મંગાવે;
તથાપી કૃષ્ણ બાંધતાં કદી ન કોઈ ફાવે.
ગોપીઓ કહે છે ભલા આતો ગુન્હેગારને;
એવી શીક્ષા કરેથી જ્ઞાન નાવે. તથાપી.
લાડકવાયો તો લાલ માજી આ તમારો;
આવી હર હમેશ અમોને સતાવે. તથાપી.
ભુલચુકથી મુખારવિંદને વિલોકતાં;
એતો મૃતીકાના ગાંગડા સમાવે. તથાપી.
શુ કરવુ એની ભાન રહીત શ્રી કૃષ્ણો,
એને મટોડી ને માખણજ ભાવે. તથાપી.
એક સમય પ્રેમથી હું પારણું ઝુલાવતી;
મુખ દેખાડી મુજને ડરાવે. તથાપી.
સમજીએ ન સાનમાં કદાપી વાત કૃષ્ણની,
ચર્ણ પ્રહાર થકી ધુળને ઉડાવે. તથાપી.

ચરીત્ર શ્રી બાળકૃષ્ણના અતી ઉમંગથી;
દાસ જયરામ નીશિદીન ગાવે,
તથાપી કૃષ્ણ બાંધતાં કદી ન કોઇ ફાવે

ભગવાનનો ભય.

કિર્તન ૧૯ મું

(રાગ એજ.)

પરલોકનું બાંધીલે પ્રાણી ભાતું નહીં તો બુરા હાલ સમજ મનમાં તું
સગું કે સંબંધી કોઈ કામ નહીં આવે;
જીવ કાઢશે મારીને જમ લાતુ. નહીં તો
વ્યાપી રહ્યા છે પ્રાણ જ્યાં સુધી શરીરમાં;
નિત્ય ગોવિંદના ગુણ ગાતું. નહીં તો
માગવા પ્રમાણે દેહ ઉત્તમજ દીધી;
બોલ સાચી કહી દે સહુ વાતું. નહીં તો.
કર્તાપણાનું અભીમાન ધરી બેઠો;
પાપ કર્મથી તો જીવ ન ધરાતું નહીં તો.
મુખથી પ્રભુનું નામ તેં કદી ન લીધુ;
સતસંગ ઘડી એક નવ થાતુ. નહીં તો.
લેખણ ચઢાવી હીસાબ પ્રભુ લેશે,
પુન્ય પાપ જમા ખર્ચનું તો ખાતુ. નહીં તો.
મેં તો મહારાજ ત્યાં કશુ ન કીધું,
વિષય ભોગ રૂપી સુત્રનેજ કાંત્યું. નહીં તો.

અર્જ પડી નાથ હું તો કરગરી કહું છું,
હૃદય દુ:ખથી તો જાય છે ભરાતુ. નહીં તો.
જયરામના સ્વામી જીવને કહે છે એમ;
અલ્યા ભોગવીશ દરિદ્ર સહાતું.
નહીં તો બુરા હાલ સમજ મનમાં તું.

પ્રભુના ઉપકાર વિષે.

કિર્તન ૨૦ મું.

(ગાડી આવી ગુજરાત, અગનકેરી ગાડીરે આવી) એ રાગ.

પ્રભુનો ખરો ઉપકાર પ્રાણી માન પ્રભુનો ખરો ઉપકાર.
કોગટ સીદ માથે તુ લે છે ભાર. ટેક૦

સાખી.

ચિંતા ન કરતું માનવી કૃષ્ણ કરે તે થાય;
લખ્યું હશે તુજ ભાલમા જશે નહીં તે ક્યાંય,
ખોટું નવમાનીશ જરીયે લગાર. પ્રાણી.
જન્મારંભ થકી પ્રભુ પ્રથમજ કરી વિચાર;
માતાના સ્તનમાં ભર્યું પય પવિત્ર નીરધાર.
દયાળુ છે દેવ એવા દીલદાર. પ્રાણી.
જે સુખ માગ્યાં તેં મુખે તે દીધાં કીરતાર;
સૃષ્ટીના સ્રજનારને ભુલી ગયો આવાર
નીરંતર નીતીમાં રહી નરનાર. પ્રાણી.

શરીર વાંણીને મન થકી કરતાં અતિશઅ પાપ;
એક ઘડી હરી ના ભજો મટે નહીં સંતાપ.
વ્યાપક સર્વમાં એક જુગદાધાર. પ્રાણી.
કૃષ્ણ કૃપા છે જયાં લગી દીવસો સુખમાં જાય;
એ હરીને વીસારતાં સંપતી સહુ વીખરાય,
માટે ભક્તિ ભાવે કરો ધરી પ્યાર. પ્રાણી.
કચ્છ દેશ તળ માંડવી સ્થાનક મુખ્ય નીવાસ;
સારસ્વત શુભ જ્ઞાતિમાં જયરામ પ્રભુનો દાસ,
વિસરતાં ન સજન દ્રઢએ વીચાર.
પ્રાણી માન પ્રભુનો ખરો ઉપકાર.

જીભને ઉપદેશ.

કિર્તન ૨૧ મું.

(જાઓ માતાને મંદીરે તમે પુજાપો લઈ) એ રાગ.

હે રસના તું પ્રભુના ગુણો કેમ ગાતી નથી;
ગુણો કેમ ગાતી નથી મુખમાં રહીછો છતી. હે રસના.
સ્વાદોમાં રહીછો સુરી નીંદા કરવામાં પુરી;
જુઠું બોલતાં તું તો જરી લજવાતી નથી. હે રસના.
ગર્વથી થઇ તું ઘેલી ભક્તીરસ મુકયું ઠેલી;
મમત્વ રૂપી મદીરાથી ભ્રષ્ટ થઈ શું મતી. હે રસના.
કિર્તિ વધશે જો તારી લક્ષ્મી લહેર કરશે ભારી;
થયાં જાણજે પ્રસન્ન પ્રભુ તારી પ્રીતી. હે રસના.

વિજય મેળવશે વાલી બોલ્યું નવ જાય ખાલી;;
જેશી જયરામ કહે અપૂર્વ લાભ પામે સતી.
હે રસના તું પ્રભુના ગુણો કેમ ગાતી નથી.

એકાંત વિષે.

કિર્તન ૨૨ મું.

(કવાલી.)

સુખ એકાંતમાં જેવું ન દીઠું મેં કદી એવું;
જેની ઇચ્છા કરે યોગી તજી દેતાં નથી ભોગી.
રહ્યું આનંદ છે કેવું. ન દીઠું૦
હજારો વળી લાખો રૂપૈયાની મજા ચાખો;
ફિકર ચિંતા તજી રહેવું. ન દીઠું૦
બની બેઠા બહુ બાવા ઠગી ધુતી બધું ખાવા;
બતાવી જ્ઞાન ને દેવું. ન દીઠું૦
કહે જયરામ એ રીતે વિવેકીને બધુ વિતે,
ભજન ભાવે કરી લેવું. ન દીઠું૦

પ્રેમથી પ્રભુનું નામ લેવા વિષે.

કિર્તન ૨૩ મું.

(બળું છુ પ્રેમ આગમાં મને કોઇ બચાવોરે.) એ રાગ.

મુખ બોલ રાધે કૃષ્ણ નામ પ્રેમથી અતી;
પ્રેમથી અતી રૂડી શુભ રાખીને મતી. ટેક.

કામ ક્રોધ આદી લોભ મોહ ગર્વથી;
કરી પ્રયત્નને બચો એ શત્રુ સર્વથી. મુખ.
જેના ગુણો પુરાણ આદીમાં કહ્યાં કથી;
સુખરૂપ નામ કૃષ્ણના જેવું બીજું નથીં. મુખ.
ગીરીરાજને ધરી પ્રભુ સ્વહુસ્તની વતી;
રક્ષણ કર્યું તમે શ્રીનાથ દ્વારીકાપતી. મુખ.
પંકજપદ સેવતાં શ્રી લક્ષ્મીજી સતી;
થતાં ન તૃપ્ત પૂર્ણ જેની યોગ્યતા છતી. મુખ.
મોટા મુનીશ્વરોની જ્યાં મુંઝાય છે મતી;
નાદાન જીવ અલ્પની શું ચાલે ત્યાં ગતી. મુખ
વિવિધ ભક્તિમાં રહો સદાએ આવ્રતી;
જયરામની શુભ અર્જ આ સ્વિકારો દીનપ્રતી. મુખ.

મીરાંબાઈની અરજ.

કિર્તન ૨૪ મું.

(રાગ પુનમ ચાંદની.)

ઉભી અરજ કરે છે મીરાં રાંકડીરે;
પ્રભુ પાલવ પકડી રહી છું પુરણ પ્રિતથીરે,
મારા છેલ છબીલા આતમના આધાર. ઉભી.
પ્રભુ દાસી કેરા દુઃખ હરીને દુર કરોરે;
શીશ નામી મારા સાધુને પ્રણામ. ઉભી.

સાખી.

સાસરીયામાં સુખ નહીં મહીયરમાંજ નહીં માન;
સુખ દુ:ખની જે વિનતી મારી કોઈ ધરે નહી કાન,
મારે નથી રહેવું રાણાજીના રાજમાંરે;
રાણો રોષે ભરીયો કુડો કપટી કંથ. ઉભી.

આ અવસર પ્રભુ આવજો વિઠ્ઠલ ધાજો વાર;
ગોવિંદ સાથે ગોઠડી મારા અબળાના આધાર,
વેરી વસમો જાણી વેગે વેલા આવજોરે;
નહિતો જરૂર મારા જીવનું જોખમ થાય ઉભી.

ઉંડે કુવે ઉતારીયા તરત તુટયા વ્રત;
તારણ વાળો તારશે સામળીયો સમરથ,
એવા વિવેકી વિઠ્ઠલને જાવું વારણાંરે;
મટે હરી જનોનાં અંતરનો ઉદાસ. ઉભી.

કૃપાળા રણછોડજી લળી લળી લાગું પાય;
ભક્ત ભિડ ભંજન પ્રભુ કરજો સત્વર સહાય,
રાણે વિખના પ્યાલા મીરાંને ત્યાં મોકલ્યારે;
મીરાંબાઇ અમૃત સમજી કરી ગયા સહુ પાન. ઉભી.

જે જન કલ્પતરૂ તણું સેવન કરે સદાય;
સ્વપ્નાંતરમાં તેહને દુ:ખ કદી નવ થાય,
છેદવા ખડકવતી શીર રાણોજી ઉભા રહ્યા રે:
તુરતજ પ્રભુએ ત્યાં તો મીરાં બનાવી ચાર. ઉભી.

સેવક મળીને સામટા કરી રહ્યા રખવાળ;
વિઠ્ઠલજી વારે ચઢી લીધી ત્યાં સંભાળ,
ભાવ થકી ભુધરજી ભક્તિને વશ થાય છેરે,
કહે જયરામ પ્રભુના નામ તણો મહીમાય. ઉભી.

ઉપદેશ દિપિકા.

કિર્તન ૨૫ મું.

(કનરો.)

માનવ દેહ સમુળગી તેં ખોઈ સીદને હવે તું રહ્યોજન રોઇ. ટેક૦

ગંગાજી ઘરમાં બેઠાંજ પધારી પાપી તું પાપ શકયો નવ ધોઈ. માનવ૦

પૂર્વની કરણી કરેલી છે ખોટી વિષયોમાં ફરીને રહ્યો છે લોટી. માનવ૦

આધીન ક્રોધને થઈ તેં બગાડયું કુળને કલંક તેં મોટું લગાડયું. માનવ૦

જયરામ કહે જીવ રે તું અભાગી તૃષ્ણા તેં તારી હજુ નવ ત્યાગી. માનવ૦

જીવને સુચના.

કિર્તન ૨૬ મું.

(પ્રભુને ભજતાં હજુ કોની લાજ.) એ રાગ.

અંતરમાં નીત્ય કરીએ વિચાર અમારે શું કરવું રે;
જેથી રીઝે જગતના રાય એવું કઇ આચરવું રે,
વાલે આપ્યો મનુષ્યાવતાર કૃપા ઘણી કીધી રે;
તેને ઓળખવા તેં લગાર મહેનત નવ લીધી રે.
વાલો પ્રેમ થકી વશ થાય એવા અવીનાશી રે;
કઇક ભકતોની રાખી છે લાજ જુઓને તપાસી રે,
વાલે વિવિધ પ્રકારના અન્ન ઉતમ ઉપજાવ્યા રે;
જેનું કરતાં મનુષ્યો ભોજન પ્રીને મન ભાવ્યા રે.
વાલે વિશ્વ રૂપે દર્શન અર્જુનનેજ દીધાં રે;
કોરવોથી કરાવી સંગ્રામ જેણે જશ લીધા રે,
વાલા લીલા તમારી અપાર વર્ણન કેમ કરીયે રે;
જાણી જયરામ ચર્ણનો દાસ દયા દીલ ધરીયે રે.

વસ્ત્ર હરણ કરવા વિષે.

કિર્તન ૨૭ મું.

(રાગ હીંચનો.)

સર્વ દાસીઓની અર્જને સ્વીકારી. અમારાચીર આપોને ગીરધારી.
કદમ્બે ચઢીને વાલા શું રે બેઠા, અમો વસ્ત્રો વિનાની સૌ ઉઘાડી.
હમારા.

જલની ભીતર અમારાં શરીર કંપે છે, નાથ કહીએ શું વાત વિસ્તારી.
અમારા.
નંદના કુંવર વાલા તમે છો હઠીલા, નાથ જુઓછો શું નીરધારી.
અમારા.
મશ્કરીની વાત વાલા અમો નવ જાણું, પ્રભુ છઇએ સૌ બાળ કુંવારી.
અમારા.
સ્યામ સુંદર પ્રભુ શર્ણ તમારી, નાથ ચરણ કમલ પરવારી.
અમારા.
પ્રેમ વિવસ થઇ પ્રભુના ચરણમાં, નમી સકળ વ્રજનારી.
અમારા.
જયરામના પ્રભુ સ્નેહ આધીન થઇ, આપ્યું વચન શ્રી મુરારી.
અમારા.

પ્રભુને શરણે થવા બાબત.

કિર્તન ૨૮ મું.

રાગ. (ચાહે બોલો ઇઆ ના બોલો.)

છૈએ શરણે પ્રભુજી તમારી, નાથ કરણી ન જોશો અમારી;
ઉપકારો કીધાં અતી ભારી, ગાય ગોપને લીધાં ઉગારી,
રક્ષા કીધી ગોવરધન ધારી, નાથ કરણી ન જોશો અમારી.
પય પુતના માસીનું પીધું, તેને લઇને અમરપુર દીધું,
દાસી કુબજાને દીધી ઓધારી. નાથ.

મલ્લ ચાણુર મુષ્ટિક હાર્યા, મામા કંસને આપે સંહાર્યા;
વૈર માતાનું લીધું વીચારી. નાથ.
ભક્ત પ્રલ્હાદનું દુઃખ જાણી, નૃસિંહ રૂપ ધર્યું ચક્રપાણી;
હીરણ્ય કસ્યપુ નાંખ્યો વિદારી. નાથ.
મેતા નરસિંહની લાજ રાખી, નાત નાગરની પડી ઝાંખી;
સાહ્ય થયા શ્રી કૃષ્ણ મોરારી. નાથ.
દાસ જયરામ કહે હાથ જોડી, મુજમાં મતી છે છેક થોડી;
રેજો પ્રભુ સદા સાહ્યકારી, નાથ કરણી ન જોશો અમારી.

વેણું પ્રસંસા,

કિર્તન ૨૯ મું.

ભાગ્ય તણો નહિં પાર, એ વેણું તારા ભાગ્ય તણો નહિં પાર;
હસ્ત કમલમાં રાખી પ્રભુએ, કરતાં અતિશય પ્યાર. એ વેણું૦
દુર્લભ અધરામૃત શ્રી હરીનું, નીશીદિન કરતી વિહાર. એ વેણું૦
જે સુખ લક્ષ્મીજી નવ પામે, તે સુખની તું લેનાર. એ વેણું૦
જે વનમાં તું ઉત્પન થઇ, તે વન જાણું શ્રીકાર. એ વેણું૦
કૃષ્ણ કૃપાથી તુજને મળ્યું છે, ઉત્તમ આ અધિકાર. એ વેણું૦
જયરામ કહે અલી, તું છે રસીલી ચિત્ત તણી હરનાર. એ વેણું૦

નીરભીમાન વૃત્તિ રાખવા વિષે.

કિર્તન ૩૦ મુ

(રાગ બનજારો.)

જીવ સાહેબિ સૌએ જવાની, શું રહ્યો અલ્પ સુખમાંની.
ટેક૦

માયામાં મનડું મોહ્યું, અવતાર સર્વ તેં ખોયું;
નવ લીધાં પ્રભુને પીછાની. શું રહ્યો૦
રથ પાલખિઓમાં ફરતાં, ધરતી પર પગ નવ ધરતાં;
નવ રહી તેવાની નિશાની. શું રહ્યો૦
મળે મન ગમતાં સુખ ભાઇ, ખરી પૂર્વ તણી પુન્યાઇ;
વિગતેથી કહુ છું વખાણી. શું રહ્યો૦
સ્ત્રિ ધનને માલ ખજાના, સૌ અહિં પડી રહેવાના;
આ દેહ નથી બચવાની. શું રહ્યો૦
તું રાખ પ્રભુપર પ્રીતી, અવતાર જશે આ વિતી;
જયરામ કહે મુખ વાણી. શું રહ્યો૦

રામને ભજવા વિષે.

કિર્તન ૩૦ મુ.

(જલભરન જાત જમુનાકે ઘાટ.) એ રાગ.

મન મુર્ખ ન તેં મુખ રામ સ્મર્યા,
ધરી જન્મ ન સ્વાર્થ કશુજ કર્યું,
ધરી જન્મ ન સ્વાર્થ કશુંજ કર્યું.
ભવમાં ભટકી ફરી ત્યાંજ મર્યું. ટેક૦

ભરજોબનમાં ચુવંતી સુખમાં, થઈ લીન પ્રપંચ વિષેજ પડયું.
મન૦
પછી આવિ જરા બળ નષ્ટ થતાં, સુખ સર્વ સ્વતંત્ર તણુંજ ગયું.
મન૦
બળ હીંણુ થવા થકી ક્રોધ અતી, ગુણ તામસ ત્યાં પ્રગટયોજ બહુ.
મન૦
જયરામ કહે હરી નામ વિના, નર નિશ્ચય કેમ જવાય તર્યું.
મન૦

ઇશ્વર સર્વ વ્યાપક છે.

કિર્તન ૩૨ સું.

(કવાલી.)

રહ્યો પાસે છતો તારી પ્રભુને તું જુવે છે કયાં;
ન દીઠી મેં જગા ખાલી અવિનાશી હશે નહિ જયાં. ટેક૦
મનો વૃત્તી બધી કાચી રહ્યું દિલ્લ જો નથી રાચી;
પુરાણો લાખ લ્યો વાંચી વધ્યું તેમાંજ શું અહિંઆ.
રહ્યો પાસે૦
સ્ફુરે છે સૌ શરીરોમાં એવિ શકિત રહી જેમાં;
બતાવ્યું ભેદ જે તેમાં રહ્યો છે જીવ થૈને હ્યાં. રહ્યો પાસે૦
તજી દે કલ્પના તારી જનો જેથી ગયા હારી;
મથીને શું રહ્યો વારી જવું પાછું ફરીને ત્યાં. રહ્યો પાસે૦

કહે જયરામ એ બંદા તજી ખોટાજ દર્ક ધંધા,
જખાની એજ છે મારી ન માનો તો કશું નહિં થાં. રહો પાસે૦

ઠાકોરજીનો થાળ.

કિર્તન ૩૩ મું.

અલબેલા સુંદરવર શ્યામ જમવા આવોનેરે,
પરીબ્રહ્મ પ્યારા પૂર્ણ કામ. ટેક૦
ધન્ય ઘડી પ્રભુ આજ અમારી સ્નેહ સાથે સુખધામ. જમવા૦
મદન મોહન મન ગમતાં માવડીઆ સુંદર શ્રી ઘનશ્યામ.
જમવા૦
સાબુણી શીરો ઘણા ઘૃતવાળો જેમાં પીસ્તા ચારોળી બદામ
જમવા૦
દહીં દુધનાં મેંતો પ્યાલા ભર્યા છે બાસુદી પૂરી તમામ. જમવા૦
બુંદી મગજ મગદળીઆ બનાવ્યા મધુર મોતીચુર નામ.
જમવા.
જાદવ તમને જલેબી છે વહાલી છાંડી મેલું એક ઠામ. જમવા૦
ચોખા ચતુરભુજ છે પ્રીય તમને આરોગવા અભીરામ. જમવા૦
દાળ દયાનિધીને બહુ પ્યારી ચાખી લીયો વિસરામ. જમવા૦
વંત્યાક વહાલું તમોને વિઠ્ઠલજી પૂર્ણ કરો નીજહામ. જમવા૦
પાપડ પીરશું પ્રીતે પુરૂષોત્તમ જલના ભરી મુકું જામ. જમવા૦
લવીંગ ઈલાયચી પાન સોપારીના બીડલા ધરાવું છું આમ. જમવા૦
ત્રપ્ત થવા પ્રભુ તમને તેડાવે છે અર્જ કરી જયરામ.
જમવા આવોને રે૦

પ્રભુને શરણે થવા વિષે.

કિર્તન ૩૪ મું.

(ધનાશ્રી)

દાસ શરણે રહ્યો છે તમારી;
પ્રભુ લાજ રાખો શ્રી કુંજ બીહારી,
નીજ સેવક પ્રતિ પાલ કહાવો;
એવો બિરદ ન દેશો વિસારી. પ્રભુ૦
ઘોર કલિયુગ શું પ્રભુ આવ્યો;
ધન્ય ગતિ નાથ તારી. પ્રભુ૦
દ્રોપદીનું પણ આપેજ રાખ્યું;
પ્રલ્હાદ લીધો ઉગારી. પ્રભુ૦
વ્રજ વનિતાની વારે ચડયા છો;
હિરણ્ય કશ્યપુ નાખ્યો વિદારી. પ્રભુ૦
ક્રોધી કુટીલ અને ક્રુર તણું દલ;
નષ્ટ કરો દુઃખ હારી. પ્રભુ૦
અંતર જામી વ્યાપક છો પ્રભુ,
રંક જયરામ કહે છે પુકારી,
પ્રભુ લાજ રાખો શ્રી કુંજ બીહા .

રાગ ઠુમક ચલત રામચંદ્ર બાજત પૈજનીયાં.

કિર્તન ૩૫ મું.

કરૂણા નીધાન કૃષ્ણ કમલ નયન મુખ તું ભજરે;
કમલ નયન ભજ સખે ઉર કામ ક્રોધ તજરે. ટેક૦

ભાલ તીલક સુંદર શુભ કેશરી કર્યું છે;
ઉદય કોટી રવિ સમાન મુકુટ શિર ધર્યું છે. કરૂણા૦
શંખ ચક્ર ગદા પદ્મ આયુધ કરધારી;
કૈસ્તુભ મણી કંઠ માલ વાહન ઉર ગારી. કરૂણા૦
નાશિકા વિષે અમુલ્ય મૈક્તિકો બીરાજે;
વસ્ત્ર સરસ કંચન સમ રંગના ધર્યા છે. કરૂણા૦
ધન્ય પુરૂષ જાહેર જગમાંય તે ગણાયા;
જયરામ સ્વમુખ ગુણ પ્રતાપી કૃષ્ણનાજ ગાયા,
કરૂણા નીધાન કૃષ્ણ કમલ નયન મુખ તું ભજરે.

પ્રભુ સ્તવન.

કિર્તન ૩૬ મું.

(પ્રભાત્યું.)

જગતથી છે નહિ કામ મારે કશું,
નાથ નટવર તમે સાહ્ય કરજો,
જન બહુ રાગને દ્રેષથી છે ભર્યા,
લક્ષમાં એ બધું આપ લેજો. ટેક૦
છે કૃપા આપની તો બધું છે મુંને;
એ વિના હું કશુંએ ન જાણું,
નિત્ય નાના પ્રકારે પ્રભુ આપના,
નવિન નૌતમ ગુણોને વખાણું. જગતથી૦
ભક્તિ આધિન છો આપ એવી બધી;
હૃદયમાં વાત રાખી લખી મેં,
અનુભવી જીવ તે તો રહ્યા જાણીને;
અન્ય પાસે કહું શું બકીને. જગતથી૦

કલ્પના ત્યાગી દે જીવ એતો બધી;
સ્મરણ તું શ્રી હરીનું કરી લે,
દાસ જયરામ એવું કહીને રહ્યો,
પાપ સૌ મુક્ત તારા કરી લે. જગતથી૦

કિર્તન ૩૭ મું,

(કાલીંગડો.)

ચંદ્રોદય કિર્તનો સુખકારી;
લેતાં જાઓ આ એક ભેટ અમારી. ટેક૦
વાંચી જુવો તો કંઇ આનંદ આવે;
મુલ્ય નથી એનું ભારી. લેતાં૦
બીજું પણ વળી એવુંજ સુંદર;
આખ્યાન છે પ્રિય કારી. લેતાં૦
સંગીત ગીતા શુદ્ધ રચી છે;
પાપ તણી હરનારી. લેતાં૦
નોચ્છાવર ફકત અર્ધ રૂપૈઓ,
જોશી જયરામની યાદગારો. લેતાં૦

સમાપ્ત.

સુચના.

અમારા બનાવેલા દરેક એવાજ સુંદર પુસ્તકો કે અમારી ખાત્રીથી રચેલા છે જે પુસ્તકો આખા શહેરમાં બહોળં રીતે ફેલાઇ રહેલ છે માટે અન્ય પુસ્તકોનું સેવન કરતાં તેટલોજ ટાઇમ પ્રભુના ગુણો ગાવામાં ગુમાવ્યો હોર તો ઇશ્વરના ઘરની સેવિંગ બેંકમાં આપણો થોડોક પણ વટાવ બચેલો જમા થયા વગર રહેશે નહિં વ્યર્થ કાલ નાના પ્રકારની જંજાળમાં લગાડવો ઉચીત નથી એવું અમારૂં મત છે.

પુસ્તક મળવાનું ઠે૦ મુંબઇ બહારકોટ કાંદાવાડી નાકે શેઠ ધરમસિં ભવાનજીના માળામાં પોસ્ટ નંબર ૪.

લી૦ જોશી જયરામ રવજી ભાગલીઆ,

કચ્છ-માંડવીવાલા.